જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૮/૧૦/૨૦૧૭ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

<u>નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયા :-</u> <u>સમાચાર યાદી નં.૨૧૮૦/૧૭</u>

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ૯૭ કેસ કરી, ૮૧ વ્યક્તિઓને ઝડપી, ૩૨૪ લીટર દેશી દારૂ, ૬૬ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૪ કેસ કરી ૨૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૪,૨૫૧/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

<u>તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-</u> <u>સમાચાર યાદી નં.૨૧૮૧/૧૭</u>

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૫૪૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૭૭ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**<u>ઘરફોડઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૧૮૨/૧૭</u>**

**સોલા હાઈકોર્ટઃ** સંજયભાઇ મનુભાઇ પટેલ (રહે. સન રેસીડન્સી ઉપવન બંગલોઝની સામે થલતેજ) એ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૭/૧૦/૧૭ કલાક ૦૦/૧૦ વાગ્યાના સુમારે પોતાના મકાનની બારીની ગ્રીલ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી ઘરમાંથી ચાંદીના દાગીના કિમત રૂપિયા ૫૫,૦૦૦/- અને રોકડ રૂપિયા ૪૦,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.આર.મેઘાણી ચલાવે છે.

**વાસણાઃ** પ્રહલાદભાઈ જ્યંતીભાઈ દેસાઈ (રહે.યશકમલ સોસાયટી જીવરાજમેહતા હોસ્પીટલ સામે) એ તા.૨૭/૧૦/૧૭ નારોજ વાસણા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૧/૧૦/૧૭ કલાક ૭/૩૦ થી તા.૨૨/૧૦/૧૭ કલાક ૧૦/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી ચાંદીના બેજવાળી માળા, સિક્કા અને કેનેડીયન ડોલર ૫૦ મળી રૂપિયા ૩૭,૬૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી પી.એચ.જાડેજા ચલાવે છે.

**<u>ચોરીઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૧૮૩/૧૭</u>**

**વસ્ત્રાપુરઃ** બીપીનભાઇ મફતલાલ પરમાર (રહે.આઝાદ ગલી કબાડી મારકેટ પાછળ મીરઝાપુર) એ તા.૨૭/૧૦/૧૭ કલાક ૧૧/૩૦ વાગે સીંધુભવન ખાતે આવેલ સીલ્પ એરોન કોમ્પ્લેક્ષની નીચે પોતાના એક્સેસ સ્કૂટર ઉપર કુરીયરના પાર્સલનો થેલો મુકી બીજા પાર્સલ કોમ્પલેક્ષમાં આપવા ગયા હતા ત્યારે અજાણી વ્યક્તિ સ્કૂટર ઉપર મુકેલ કુરીયરના પાર્સલનો થેલો ચોરી કરી લઈ ગઈ હતી. થેલામાં રૂપિયા ૪૦,૦૦૦/- મતા હતી. આ અંગેની ફરીયાદ બીપીનભાઈ પરમારે વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી મહેન્દ્ર વાસુદેવભાઈ ચલાવે છે.

**સોનાનો દોરો ખેચી તોડી લઈ ગયાઃ-** **સમાચાર યાદી નં.૨૧૮૪/૧૭**

**સોલા હાઈકોર્ટઃ** કોકીલાબહેન વા/ઓ ચંદુભાઇ લબાના (ઉ.વ.૪૮) (રહે. આશ્રય ગોલ્ડ ફ્લેટ, જી.એસ.ટી. ક્રોસીંગ પાસે ન્યુ રાણીપ) તા.૨૭/૧૦/૧૭ સવારના ૧૧/૧૫ વાગ્યાના સુમારે થલતેજ અન્ડરબ્રીજના સર્વીસ રોડ ઉપર ન્યુયોર્ક ટાવર પાસે આવેલ વિનય વિદ્યામંદીર આગળથી એકટીવા ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષો કોકીલાબહેનના ગળામાંથી સોનાનો દોરો પેડલ સાથે કિમત રૂપિયા ૧૫,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ કોકીલાબહેને સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.એલ.રાજપુત ચલાવે છે.

**દાઝી જતા મૃત્યુઃ** **સમાચાર યાદી નં.૨૧૮૫/૧૭**

**અમરાઈવાડીઃ** સંગીતાબહેન દશરથભાઇ વાઘેલા (ઉ.વ.૪૦) (રહે.જોગેશ્વરી રોડ રબારીકોલોની મીના પાર્ક સોસાયટી અમરાઈવાડી) તા.૨૬/૧૦/૧૭ સાંજના ૬/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે રસોઈ બનાવતા હતા ત્યારે દાઝી ગયા હતા. સારવાર માટે સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજયું હતુઆ અંગે અમરાઈવાડી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પ્રો.પો.સ.ઇ.શ્રી ડી.આઇ.સોલંકી ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૨૧૮૬/૧૭**

**નિકોલઃ** કઠવાડા જી.આઇ.ડી.સી.રોડ નંબર-૧ ખાતે આવેલ ફેવોલીક ટ્રેડીંગ કંપનીમાં વોચમેન તરીકે નોકરી કરતા ગણેશપ્રસાદ મહાદેવભાઇ શાહ (ઉ.વ.૫૩) એ અગમ્ય કારણસર તા.૨૬/૧૦/૧૭ રાતના ૮/૩૦ વાગ્યા પહેલા વોચમેન રૂમમાં પંખાના હુકમાં પ્લાસ્ટીકની દોરી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રાજેન્દ્રસિંહ જશવંતસિંહ ચલાવે છે.

**ખોખરાઃ** નીતીનભાઇ રમેશભાઇ મકવાણા (ઉ.વ.૨૫) (રહે.ગુજરાત હાઉસીંગ બોર્ડ ખોખરા) એ બિમારીથી કંટાળી તા.૨૨/૧૦/૧૭ નારોજ પોતાના ઘરે હુકમાં સાડી બાંધી ગળેફાંસો ખાતા સારવાર માટે એલ.જી.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા જ્યાં સારવાર દરમ્યાન તા.૨૭/૧૦/૧૭ કલાક ૯/૫૫ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુઆ અંગે ખોખરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી આર.એસ.ત્રીવેદી ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.